## ડીંડોલી પોલીસ સ્ટેશનના ખુનના ગુનામાં નાસતો-ફરતો આરોપી પક્ડી પાડતી પુણા પોલીસ

નવરાત્રી તહેવાર અંગે પુણા પો.સ્ટે.ના અધિકારી/કર્મચારીનાઓ પુણા પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પો.સ.ઇ.શ્રી તથા તેમની ટીમનાઓને મળેલ બાતમી મારફતે હકિકત મળેલ કે, “ડીંડોલી પોલીસ સ્ટેશનમાં ખુનના ગુનામાં સંડોવાયેલ આરોપી રાહુલ શીરસાઠ હાલમાં સુરત રાજીવનગર ઝુપડપટ્ટી પાસે ઉભેલો છે. જેણે શરીરે રાખોડી કલરનું ડીઝાઇનવાળુ ફુલ બાંયનું શર્ટ તથા કાળા કલરનું જીન્સનું પેન્ટ પહેરેલ છે વિગેરે મતલબની બાતમી હકીકતની આધારે બાતમીવાળી જગ્યા પર જઈ તપાસ કરતા બાતમીના વર્ણન મુજબનો ઇસમ ઉભેલ હોય, જેથી સાથેના પોલીસ માણસોથી ચારેય તરફથી કોર્ડન કરી મજકુર ઇસમને ત્યાં જ પકડી પાડી સાથેના પંચો રૂબરૂ મજકુર ઇસમનું નામઠામ પુછતા તેણે પોતાનું નામ રાહુલ પ્રકાશ શીરસાઠ ઉ.વ.૧૮ રહે.ઘર નં. ૧૬૪, આંબેડકર નગર વસાહત, ડુંભાલ, સુરત શહેરનો હોવાનું જણાવેલ તેની પુછપરછ કરતા મજકુર ઇસમ પોતે તથા વિકાસ,સાગર,અશોક,વીકી શ્યામ,વિશાલ અને પશુ નાઓની સાથે ગઈ તા.૨૧/૦૯/૨૦૧૮ ના રાત્રીના આશરે સાડા અગિયારેક વાગ્યાના સુમારે સણીયા ગામ પાસે આવેલ પેટ્રોલપંપ પર રાજેશ સિધ્ધનાથ ખેરનાર રહે.શ્રધ્ધા સોસાયટી ડીડોલી સુરતનાને ઢીક મુક્કીનો માર તથા ચપ્પાના ઘા મારેલ હોવાનું જણાવતા જે સંબંધે ડીંડોલી પોલીસ સ્ટેશનમાં ખરાઇ કરતા મજકુર ડીંડોલી પોલીસ સ્ટેશનમાં ફર્સ્ટ ગુ.ર.નં.૧૮૪/૨૦૧૮ ઇ.પી.કો. કલમ ૩૦૨, ૩૨૩, ૧૪૩,૧૪૭, ૧૪૯ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબના ગુનામાં વોન્ટેડ હોય જેથી મજકુર ઈસમને પકડી વણશોધાયેલ ગુન્હો શોધી પ્રસંશનિય કામગીરી કરેલ છે.